પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૪૫ | ૧૭ નવેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુક્રેન-રશિયાના યુદ્ધનો અંત લાવો : જી૨૦

## યુક્રેન સાથેના યુદ્ધને ધ્યાનમાં રાખી ભારતના વડાપ્રધાનની રશિયાને સલાહ : જી૨૦ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ પુતિનને મોદીએ આપેલી સલાહને જી૨૦ સમિટના કોમ્યુનિકમાં સ્થાન મળ્યું, અણુશસ્ત્રોના ઉપયોગ કે ધમકીનો વિરોધ

બાલી, તા.૧૬

યુક્રેન અને રશિયા વચ્ચેના સંઘર્ષને ધ્યાનમાં રાખીને, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બાલીમાં આયોજિત જી૨૦ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ પુતિનને સલાહ આપી હતી, જેને સમિટ (જી૨૦) ના કોમ્યુનિકમાં સ્થાન મળ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, 'આ યુગ યુદ્ધનો નથી.' જી૨૦ સભ્ય દેશોના નેતાઓએ યુક્રેનમાં રશિયાના આક્રમણની આકરી ટીકા કરી હતી. યુદ્ધનો બિનશરતી અંત લાવવાની પણ માગ કરી હતી. અણુશસ્ત્રોના ઉપયોગ કે ધમકીનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો.

આજે વડાપ્રધાન મોદીએ જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. યુકેના વડા પ્રધાન ઋષિ સુનક સાથે ભારત-યુકેની વ્યાપક ભાગીદારીની સમીક્ષા પણ કરી. ત્યારબાદ વડાપ્રધાન મોદી બહુ-ક્ષેત્રીય ભાગીદારીની સમીક્ષા કરવા ઈટાલીના વડાપ્રધાનને




મળ્યા.

અગાઉ, પોલેન્ડના પ્રદેશમાં રોકેટ અથડાયા બાદ બે લોકોના મોતને કારણે સમિટ વિકટ બની હતી. વાસ્તવમાં રોકેટ પડ્યા બાદ ઈમરજન્સી બેઠક યોજાઈ હતી. આ અંગે અમેરિકાએ ખુલાસો કર્યો હતો કે આ રોકેટ રશિયાએ નહીં પણ યુક્રેન દ્વારા છોડવામાં આવ્યું હતું. નાટોના સભ્ય પોલેન્ડે જણાવ્યું હતું કે યુક્રેનની સરહદે પૂર્વ પોલેન્ડમાં રોકેટ હુમલામાં બે લોકો માર્યા ગયા હતા. રશિયાએ આવા કોઈપણ રોકેટ હુમલાને નકારી કાઢ્યા બાદ તેણે રશિયન રાજદૂતને બોલાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત ડિસેમ્બરમાં જી-૨૦ નું અધ્યક્ષપદ સંભાળી રહ્યું છે, આ એવો સમય છે જ્યારે વિશ્વ ભૌગોલિક-રાજકીય તણાવ, આર્થિક મંદી અને ઊર્જાના ભાવમાં વધારો અને રોગચાળાની આડ અસરોથી ઝઝૂમી રહ્યું છે. આવા સમયે દુનિયા જી-૨૦ તરફ આશાની નજરે જોઈ રહી છે.

# મિઝોરમ દુર્ઘટનામાં વધુ ત્રણ મજૂરના મોત : મૃતાંક ૧૧ થયો

## પથ્થરની ખાણ ધરાશાયી થતાં દુર્ઘટના સર્જાઈ હતી : હજુ પણ એક મજૂર લાપતા છે

મિઝોરમ, તા.૧૬

મિઝોરમ દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૧ પર પહોંચ્યો છે. વધુ ૩ મજૂરોના મૃતદેહ મળી આવ્યા છે. મિઝોરમમાં સોમવારે એક પથ્થરની ખાણ ધરાશાયી થઈ ગઈ હતી જેમાં ૧૨ મજૂરો ફસાયા હતા. અગાઉ ૮ મૃતદેહો મળી આવ્યા હતા અને હવે વધુ ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. આ દુર્ઘટનામાં ૧૨ મજૂરો ફસાયા હતા. જોકે, હજુ પણ એક મજૂર લાપતા છે. જોકે, આ દુર્ઘટનાનો શિકાર બનેલા મોટા ભાગના મજૂરો બિહાર અને પશ્ચિમ બંગાળના રહેવાસી હતા. આ ઘટનાની જાણ થતા જ એસડીઆરએફ, બીએસએફ અને આસામ રાઈફલ્સની ટીમે ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય હાથ ધર્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આ એક મોટી પથ્થરની ખાણ છે. ખાણકામમાં રોકાયેલા ૧૨ મજૂરો ફસાઈ ગયા હતા. આ અકસ્માત હનાથિયાલ જિલ્લામાં થયો હતો.

# અરુણાચલના બસર વિસ્તારમાં ભૂકંપના આંચકા

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં ફરી એક વખત ધરજી ધ્રુજી છે. છેલ્લા દિવસોમાં દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોને હચમચાવી દેનારા ભૂકંપે આ વખતે અરુણાચલ પ્રદેશના લોકોને આંચકો આપ્યો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી પ્રમાણે અરુણાચલ પ્રદેશના લેપા રાડા જિલ્લામાં સ્થિત બસર વિસ્તારમાં આજે સવારે ૯:૫૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જણાવવામાં આવ્યું હતું કે, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ હતી અને આ ભૂકંપનું કેન્દ્ર બસરથી દક્ષિણપૂર્વ દિશામાં ૧૦ કિલોમીટરની ઉંડાઈએ હતું. હાલમાં આ ભૂકંપમાં કોઈ જાન-હાનિના નુકસાનના સમાચાર નથી. જો કે, લોકોએ આ ભૂકંપના આંચકાને અનુભવ્યા અને ચોક્કસપણે ઘરોમાં વસ્તુઓ ધ્રુજતી જોઈ હતી.

**ભારતમાં ફરી એક વખત ધરા ધ્રૂજી : ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૭ હતી અને આ ભૂકંપનું કેન્દ્ર બસરથી દક્ષિણપૂર્વ દિશામાં ૧૦ કિલોમીટરની ઉંડાઈએ હતું**

આ અગાઉ નેપાળમાં શનિવારે ૫.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર એનસીઆરથી લઈને ઉત્તરાખંડ સુધી અનુભવાયા હતા. આ ભૂકંપ ઉત્તરાખંડના પિથૌરાગઢથી ૧૦૧ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવ્યો હતો.

નેપાળના નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર બજાંગ જિલ્લાના પટાદેબલ ખાતે ૨૯.૨૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૮૧.૨૦ ડિગ્રી પૂર્વ રેખાંશમાં ૧૦ કિમીની ઊંડાઈએ હતું. નેપાળમાં એક અઠવાડિયામાં તે ત્રીજો ભૂકંપ હતો અને બિહાર સહિત ભારતના ઘણા ભાગોમાં તેની અસર વારંવાર જોવા મળી હતી.





ઈલેક્શન કાઉન્ટ-ડાઉન : વિધાનસભાની ચૂંટણીની તારીખ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય માહોલ ગરમાતો જાય છે... લાખોની સંખ્યામાં દુપટ્ટા, ખેસ, ટોપી, ઝંડા તથા અન્ય ચૂંટણી પ્રચાર માટેની મટીરીયલ તૈયાર કરવા રાત દિવસ કામગીરી ચાલી રહી છે... દરેક પક્ષોમાં પ્રચાર સાહિત્યની માંગ તીવ્ર બની રહી છે ત્યારે કારીગરો પણ રાત-દિવસ કામગીરી કરી માંગને પુરી કરવા કાર્યરત રહે છે...

# શ્રદ્ધા હત્યા કેસમાં આફતાબના નાર્કો ટેસ્ટની કોર્ટની મંજૂરી

## શ્રદ્ધા હત્યા કેસમાં તપાસથી બચવાનો આફતાબનો પ્રયાસ : પોલીસ નાર્કો ટેસ્ટ દ્વારા સમગ્ર સત્ય જાણવા તથા મોબાઈલ અને હથિયારો રીકવર કરવા માગે છે

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હી પોલીસ શ્રદ્ધા હત્યા કેસના આરોપી આફતાબ અમીન પૂનાવાલાનો નાર્કો ટેસ્ટ કરશે. દિલ્હી પોલીસે નાર્કો ટેસ્ટ માટે સાકેત કોર્ટ પાસે પરવાનગી માંગી હતી. કોર્ટે આજે નાર્કો ટેસ્ટની મંજૂરી આપી દીધી છે. ખરેખર પોલીસને લાગે છે કે, આફતાબ તપાસથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો છે. શ્રદ્ધાની હત્યા માટે વપરાયેલો મોબાઈલ અને આરીને આફતાબે ક્યાં ફેંકી છે તેના જવાબમાં પણ તે ક્યારેક મહારાષ્ટ્રમાં તો ક્યારેક દિલ્હીમાં મોબાઈલ ફેંકવાની વાત કરે છે. પોલીસ નાર્કો ટેસ્ટ દ્વારા સમગ્ર સત્ય જાણવા માંગે છે, મોબાઈલ અને હથિયારો રીકવર કરવા માંગે છે.

આફતાબે પોલીસને જણાવ્યું હતું કે, ૨૨ મેના રોજ ઝઘડો કરીને શ્રદ્ધા ઘરેથી નીકળી ગઈ હતી. આફતાબે એ પણ જણાવ્યું કે તેણે માત્ર તેનો ફોન લીધો હતો. જ્યારે કપડા અને અન્ય સામાન અહી મુકી ગઈ હતી. પરંતુ, પોલીસે આફતાબના નિવેદન પર બિલકુલ વિશ્વાસ ન કર્યો. આ પછી પોલીસે જ્યારે આફતાબ અને શ્રદ્ધાની કોલ ડિટેઈલ અને લોકેશન ચેક કર્યું તો ઘણા ચોંકાવનારા ખુલાસા થયા.

પોલીસના જણાવ્યા અનુસાર, આફતાબ અમીન પૂનાવાલાએ પણ કથિત રીતે શ્રદ્ધાના મિત્રોનો સંપર્ક કરવા અને તેની હત્યાની વાત છુપાવવા માટે શ્રદ્ધાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. પોલીસનું કહેવું છે કે, ૧૮ મેના રોજ શ્રદ્ધાની હત્યા થયા બાદ આફતાબે એક મહિના સુધી શ્રદ્ધાનું એકાઉન્ટ ઓપરેટ કર્યું હતું. આફતાબ ઈન્સ્ટાગ્રામ પર પોતાને શ્રદ્ધા તરીકે રજૂ કરતો હતો અને ૯ જૂન સુધી શ્રદ્ધાના મિત્રો સાથે ચેટ કરતો હતો, જેથી શ્રદ્ધા જીવિત હોવાનો ભ્રમ ઉભો કરી શકાય.

# પાલતુ કૂતરાના નિધનથી અમિતાભ બચ્ચન વ્યથિત

## બિગ બીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી




મુંબઈ, તા.૧૬

બિગ બીને જાનવરોનો ખૂબ શોખ છે, તે અવારનવાર પોતાના પાલતુ પ્રાણીઓ સાથે ફોટા શેર કરે છે. હાલમાં જ તેના ઘરેથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અમિતાભના પાલતુ કૂતરાનું નિધન થયું છે. બિગ બીએ પોતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા આ માહિતી આપી છે. અમિતાભની લેટેસ્ટ પોસ્ટ અનુસાર, તેમના પ્રિય કૂતરાએ દુનિયાને અલવિદા કહી દીધું છે. સ્વાભાવિક છે કે આ ઘટનાથી બિગ બીને ઘણું દુઃખ થયું છે.

બિગ બીએ પોતાના કૂતરાને યાદ કરીને એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. પોતાનું દુઃખ વ્યક્ત કરતાં તેમણે લખ્યું- 'અમારો એક નાનો મિત્ર, પછી તેઓ મોટા થાય છે અને એક દિવસ છોડી દે છે. પોસ્ટ સિવાય અમિતાભે પોતાના બ્લોગ પર કૂતરાને ગુમાવવાનું દુઃખ પણ શેર કર્યું છે. જ્યાં તેમણે એક પંક્તિ ઉમેરીને લખ્યું- 'હૃદયસ્પર્શી, પરંતુ જ્યારે તેઓ આસપાસ હોય ત્યારે તે આપણા જીવનનો જીવ અને આત્મા છે.' નામ જાહેર કર્યું નથી.

બિગ બીની આ પોસ્ટ જોઈને તેમના ફેન્સ ખૂબ જ ભાવુક થઈ ગયા છે. એક યુઝરે કોમેન્ટમાં લખ્યું- પાલતુ પ્રાણી પ્રેમની જેમ ખૂબ જ કિંમતી હોય છે. બીજી તરફ બીજા યુઝરે લખ્યું- 'પાલતુ પ્રાણી તમને પવિત્ર રીતે પ્રેમ કરે છે.' ત્રીજા યુઝરે લખ્યું- 'તમારી સાથે લાંબો સમય નથી, તમે ઘણો પ્રેમ આપો છો, માણસના શ્રેષ્ઠ મિત્રોને એમ જ કહેવામાં આવતું નથી.

# નાસાએ ક્રૂ વિના ઓરિયન અવકાશયાન ચંદ્ર પર છોડ્યું

## નાસાએ ૫૦ વર્ષ બાદ ચંદ્ર પર મિશન શરૂ કર્યું : ૩૨ માળ જેટલી ઉંચાઈ ધરાવતું સ્પેસ લૉંચ સિસ્ટમ રોકેટ ફ્લોરિડા, ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ

નવી દિલ્હી, તા.૧૬

લગભગ ૫૦ વર્ષ પછી, નાસાએ ચંદ્ર પર તેનું મિશન ફરીથી શરૂ કર્યું છે. બુધવારે, યુએસ સ્પેસ એજન્સીએ ચંદ્ર પર માનવ મિશન શરૂ કર્યું. તેના ત્રીજા પ્રયાસમાં, નાસાએ આર્ટેમિસ-૧ મિશન શરૂ કર્યું. આ પહેલા ૫૦ વર્ષ પહેલા નાસાએ એપોલો મિશન ચંદ્ર પર મોકલ્યું હતું. માહિતી અનુસાર, ૩૨ માળ જેટલી ઉંચાઈ ધરાવતું સ્પેસ લૉંચ સિસ્ટમ (એસએલએસ) રોકેટ ફ્લોરિડા, ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું.



સ્પેસ રોકેટ આર્ટેમિસ-૧ અને ઓરિઓન અવકાશયાનની પ્રથમ પરીક્ષણ ઉડાન. ૩૨૨ ફૂટ (૯૮ મીટર) ઊંચાઈ પર, રોકેટ નાસા દ્વારા બનાવવામાં આવેલ સૌથી શક્તિશાળી રોકેટ છે. આ સાથે, ક્રૂ વિના ઓરિયન અવકાશયાન ચંદ્ર પર છોડવામાં આવ્યું હતું. ઓરિયન લગભગ ૪૨ દિવસ સુધી ચંદ્ર પર પરીક્ષણ કરશે.

નાસાના આર્ટેમિસ ચંદ્ર કાર્યક્રમનું તે પ્રથમ મિશન હશે. નાસા તેના ત્રીજા મિશન માટે ૨૦૨૫માં ચંદ્ર પર અવકાશયાત્રીઓને ઉતારવાની યોજના પર કામ કરી રહ્યું છે. નાસા ચંદ્રની સપાટીથી ૬૦ માઈલ ઉપર ઓરિઓન ઉપગ્રહની નજીક પહોંચતા પહેલા તેનું પરીક્ષણ કરવાની યોજના ધરાવે છે.

જો આર્ટેમિસ-૧ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાં પહોંચે છે, તો તે પ્રોજેક્ટ માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ હશે. મિશન દરમિયાન, ઓરિઅન ક્યુબસેટ્સ તરીકે ઓળખાતા ૧૦ નાના ઉપગ્રહો પણ મૂકશે. ચંદ્ર પરની માઈક્રોગ્રેવિટી અને રેડિયેશન વાતાવરણ સુક્ષ્મસજીવોના વિકાસને કેવી રીતે અસર કરે છે તે જોવા માટે આમાંથી એકમાં યીસ્ટ હશે. આ દરમિયાન આઈસક્યુબ ચંદ્રની

● અનુસંધાન પાન-૭ પર

# ટ્વિટર બ્લુ ટિક સબસ્ક્રિપ્શન સેવા ફરી શરૂ થઈ રહી છે

## ઈલોન મસ્કએ તારીખની જાહેરાત કરી : ઈલોન મસ્કે યુઝરના ટ્વીટનો જવાબ આપતા કહ્યું કે ટ્વિટર બ્લુ કદાચ આવતા સપ્તાહના અંતે પાછું આવશે

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકામાં ઘણા નકલી ટ્વિટર એકાઉન્ટ્સે ઈં૮ ચૂકવીને બ્લુ ટિક મેળવી હતી. તેનાથી પરેશાન ટ્વિટરે તેની બ્લુ ટિક સબસ્ક્રિપ્શન સર્વિસ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. જો કે ફરી એકવાર તેની શરૂઆત કરવામાં આવી રહી છે. ટ્વિટરના માલિક ઈલોન મસ્કએ કહ્યું છે કે સસ્પેન્ડ કરાયેલ ટ્વિટર બ્લુ ટિક સબસ્ક્રિપ્શન ૨૯ નવેમ્બરથી ફરી શરૂ કરવામાં આવશે. મસ્કે ટ્વીટ કરીને આ અંગેની માહિતી આપી હતી. બ્લુ વેરિફાઈડને ૨૯ નવેમ્બર સુધી ફરીથી લૉંચ કરવામાં આવી રહ્યું છે તેની ખાતરી કરવા માટે કે તે મજબૂત છે, તેમણે ઉમેર્યું. ખરેખર, ઈલોન મસ્કે જલ્દી જ બ્લુ ટિક સબસ્ક્રાઈબર સર્વિસ શરૂ કરવાની વાત કરી હતી. ઘણા નકલી ટ્વિટર એકાઉન્ટ્સે અગાઉ ઈં૮ ચૂકવીને બ્લુ ટિક મેળવ્યું હતું અને તે પછી આ એકાઉન્ટ્સમાંથી નકલી ટ્વિટ




પોસ્ટ કરવામાં આવી હતી. આ કારણે ટ્વિટરે બ્લુ ટિક સબસ્ક્રાઈબર સર્વિસ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. ઈલોન મસ્ક આ અંગે પહેલા જ સંકેત આપી ચૂક્યા છે. તેણે યુઝરના ટ્વીટનો જવાબ આપતા કહ્યું કે ટ્વિટર બ્લુ કદાચ આવતા સપ્તાહના અંતે પાછું" આવશે, એવી અટકળોને પ્રોત્સાહિત કરે છે કે બ્લુ ટિક સબ્સ્ક્રાઈબર સેવા ટૂંક સમયમાં પરત આવી શકે છે અને તેવું જ થયું. ૨૯ નવેમ્બરથી તે પહેલાની જેમ જ શરૂ થશે, પરંતુ આ વખતે બ્લુ ટિક આપતા પહેલા ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવામાં આવશે અને સાવચેતી રાખવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર